Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

# વ્યવસાય કરતી સ્ત્રીઓની સામાજિક સમસ્યાઓ (અમદાવાદ જિલ્લાના અમરાઈવાડી વિસ્તારના સંદર્ભમાં)

**કિંજલબહેન પી. મકવાણા**

રિસર્ચ સ્કોલર, સમાજકાર્ય વિભાગ, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ

**સારાંશ:**

વિધાર્થીના સન્દર્ભમાં કે અન્ય વ્યવસાયીઓના સન્દર્ભમાં પણ આ બાબત એટલી જ સાચી છે. શિક્ષક, વિધાર્થી કે અન્ય વ્યક્તિતઓની આ લાગણી અને સંવેગો તેના શૈક્ષણિક, વ્યાવસાયિક, કૌટુંબિક તથા સામાજિક જીવનની સફળતા કે નિષ્ફળતા માટે જવાબદાર બનતા હોય છે. આથી જ મનોવૈજ્ઞાનિકોનું ધ્યાન આ સંવેગો અને લાગણીઓ વ્યક્તિતની સફળતા માટે કઈ રીતે અસર કરે છે તે તરફનાં સંશોધનો પર કેન્દ્રિત થયું છે અને આ સન્દર્ભમાં યોગ્ય સિદ્ધાંતો વિકસાવવાના પ્રયાસો શરૂ થયા છે. શાળા કક્ષાએ વિધાર્થીઓમાં આ પ્રકારની શક્તિઓ વિકસાવવા માટેના યોગ્ય પ્રયાસો પણ વર્તમાન યુગમાં કરવામાં આવતા જોવા મળે છે, તેના સારાં પરિણામો વિધાર્થી જીવન ઉપરાંત વ્યાવસાયિક જીવન કે સામાજિક જીવનમાં સફળતારૂપે મળી શકે તેમ છે. આ જરૂરિયાતને ધ્યાનમાં રાખીને સંશોધકે પ્રસ્તુત સંશોધનના આ ક્ષેત્રમાં અભ્યાસ કરવાનું વિચાર્યું.

**ચાવીરૂપ શબ્દો:** અમદાવાદ, અમરાઈવાડી, સ્ત્રીઓ, સામાજિક સમસ્યાઓ

## 1 પ્રસ્તાવના

કોઈપણ સમાજવ્યવસ્થાને ચાલુ રહેવું હોય કે શાશ્વત રહેવું હોય તો સમાજવ્યવસ્થાની કાર્યાત્મક આવશ્યકતાને પૂર્ણ કરવી પડી છે. દરેક સમાજવ્યવસ્થાની પોતાની કાર્યાત્મક આવશ્યકતાઓ છે તથા તેને પૂર્ણ કરવા માટેની સંસ્થાઓ પણ કાર્યરત છે. સમાજવ્યવસ્થાની આ ગતિશિલતાને સતત ગતિશિલ રાખવા માટે મુખ્યત્વે બે સંસ્થાઓ કાર્યરત હોય છે. જેમાં એક કુટુંબસંસ્થા અને બીજી સ્થાને લગ્નસંસ્થા છે. લગ્ન દ્વારા કુટુંબનું નિર્માણ થાય છે અને કુટુંબ સમાજને નવીન સભ્યો આપે છે. કુટુંબવ્યવસ્થામાં પણ બે વ્યક્તિઓ મૂળભૂત ચાલકબળ છે: એક પુરુષ અને બીજું સ્ત્રી.

સમાજમાં સ્ત્રી અને પુરુષ બન્નેની જરૂરિયાત હોવા છતાં તેમના સ્થાનમાં અસમાનતા જોવા મળે છે. સ્થાન એ તેની સાથે સંકલિત ભૂમિકાનો નિંર્દેશ કરે છે. સ્ત્રીનું સ્થાન, સ્ત્રીનો દરજ્જો એ તેની ભૂમિકાનો વિર્દેશ કરે છે. દરજ્જો એ સમાજ જીવનના વિવિધ તબક્કાઓ દરમ્યાન વિવિધ ક્ષેત્રો જેવાં કે કુટુંબ, લગ્ન, મિલકત, શિક્ષણ, વ્યવસાય, ધર્મ વગેરેમાં સ્ત્રીના હક્કો સૂચવે છે. સમાજજીવનનાં વિભિન્ન ક્ષેત્રોમાં સ્ત્રીઓ પોતાની ફરજ બજાવે છે. સ્ત્રીના દરજ્જા અંગેની ચર્ચા અનેક પ્રશ્નો ઉભા કરે છે. તેથી જ ભારતીય સ્ત્રીઓની ચર્ચા કરતી વખતે એ સ્પષ્ટ કરવું ઘટે કે સંશોધન કયા પ્રદેશ પર, કયા વિસ્તાર પર, કયા વર્ગની સ્ત્રીઓ, કઇ જ્ઞાતીની સ્ત્રીઓ, કયા ધર્મની, ગામડા કે શહેરની કે પછી દલિત કે આદિવાસી સ્ત્રીની વાત કરી રહ્યા છીએ. દરેક ભારતીય સ્ત્રીઓનો દરજ્જો સમાન નથી તથા દરેક ભારતીય સ્ત્રી બધે જ એકસરખું સ્થાન પણ નથી ધરાવતી. એ માટે જ થઇને સંશોધક પોતે જે વિસ્તારમાં રહે છે, તે વિસ્તારની સ્ત્રીને લઇને સંશોધન કરવા વિચાર્યું.

## 2. સબંધિત સાહિત્ય સમીક્ષા

**ઈશ્વર પેટલીકર (૧૯૮૧),** આ પુસ્તકમાં જણાવવામાં આવ્યું છે કે પુરુષપ્રધાન સમાજમાં ભેદભાવ, બંધન, દમન અને દૂષણોનો ભોગ સ્ત્રીઓ બની છે. ઉપરાંત સ્ત્રી-પુરુષ અસમાનતામાં ઉપસ્થિત થતા પ્રશ્નોની ચર્ચા વિગતે કરવામાં આવી છે. સ્ત્રીઓ શિક્ષણ મેળવશે, આર્થિક રીતે સ્વાવલંબી થશે એટલેતે સમાનતા પ્રાપ્ત કરશે એમ સુધારકોને લાગ્યું હતું છતાં શિક્ષિત અને સ્વાવલંબી સ્ત્રી પણ પુરુષની જોહુકમી અને અત્યાચાર સહી લેતી જોવા મળે છે. સમાજમાં સ્થાપિત થયેલી પરંપરાઓને લીધે કોઈપણ હિસાબે લગ્ન નિભાવી લેવાની સામાજિક સ્થિતિને કારણે તેને પુરુષઆધારિત રહેવુ પડે છે, લાચારી વેઠવી પડે છે. પશ્ચિમનાં વિકસિત રાષ્ટ્રોમાં લગ્ન નિભાવી લેવું પડે તેવી જુની પરંપરાઓ રહી નથી ત્યાં સ્ત્રીઓ છુટાછેડા લઈને બીજા લગ્ન સરળતાથી કરી શકે છે. છતાં પણ ત્યાંના સમાજોમાં સ્ત્રીને પુરુષની જોહુકમી વેઠી લેવી પડેછે અને

સમાનતા નજરે પડતી નથી.

**ડૉ. ઈલાબેન એમ. મકવાન (૨૦૦૭),** પ્રસ્તુત સંશોધન લેખમાં સંશોધકે અસમતુલિત જાતિ પ્રમાણને કેન્દ્રસ્થાને રાખીને ૮૦ ગર્ભસ્થ સ્ત્રીઓનો આકસ્મિક નિદર્શન દ્વારા આણંદ શહેર જેમાં સ્ટેશનવિસ્તાર તથા ગામડી ગામની સ્ત્રીઓનો અભ્યાસ હાથ ધર્યો હતો. મુલાકાત માર્ગદર્શિકા તથા સ્નોબોલ મેથડ દ્વારા સિંશોધન કર્યું હતું.

અભ્યાસકર્તા જણાવે છે કે વિકાસ એ માનવવૃત્ત્યિાનું પરિણામ છે. વિકસવું એ માનવમાત્રનું લક્ષણ છે. વિકાસ માટે યોગ્ય તકો,સામાજિક વાતાવરણ હોવું અનિવાર્ય છે. સ્ત્રીપુરુષનાં પ્રમાણની જ્યારે વાત કરીએ છીએ ત્યારે સ્ત્રી-પુરુષના પ્રમાણી અસમાનતા એ સ્ત્રીઓને મળેલા માનવ અધિકારોનાં ભંગનો નિર્દેશ કરે છે. સંશોધક જણાવે છે કે વર્તમાન સમયમાં સ્ત્રી-પુરુષ અસમતુલિત જાતિપ્રમાણે સમાજ સામે અનેક પ્રશ્નો ઊભા કર્યા છે.

**કિરણ ચૌધરી (૨૦૨૩),** માં સંશોધન જણાવે છે કે આપણી સંસ્કૃતિમાં નારી મહિમા અનન્ય રીતે કરાયો છે. આ શ્લોક તેની સાક્ષી પુરે છે. સદીઓથી ભારતીય સંસ્કૃતિ અને સમાજના સર્વાંગી વિકાસમાં મહિલાઓનો ફાળો અતિ મહત્વનો રહ્યો છે. આજે સમતોલ વિકાસ સાધવા માટે મહિલા ઉત્થાન અનિવાર્ય બન્યો હોય તેમ જોઈ શકાય છે. ગુજરાત રાજ્યમાં મહિલાઓ સમ્માનભેર, સ્વાવલંબી પગભર અને ગૌરવપૂર્ણ જીવનની અધિકારી બને તે દિશામાં નક્કર કામગીરી થઈ રહી છે. ૧૯૯૧-૯૨માં નાબાર્ડ સ્વ-સહાય જુથોને મોટા પાયે પ્રોત્સાહન આપવાનું શરૂ કર્યું અને તે એસ.એચ.જી. ચળવળ માટે વાસ્તવિક ટેક-ઓફ પોઈન્ટ હતો. ૧૯૯૩માં રિઝર્વ બેંક ઓફ ઇન્ડીયાએ પણ એસ.એચ.જી.એસ.ને બેંકોમાં બચત ખાતા ખોલવાની મજુરી

આપી હતી. અભ્યાસક્ષેત્ર તાપી જીલ્લામાં દર ૧૦૦૦ પુરુષે ૧૦૦૭ સ્ત્રીનુ જાતિ પ્રમાણે નોંધાયુ છે, જે સમસ્ત રાજ્યમાં સૌથી વધુ છે. તાપી જીલ્લામાં નેશનલ રૂરલ લવલીહુડ મિશનના આધારે ચાલતા મિશન મંગલમ્ સખીમંડળોમાં જોડાયેલ મહિલાઓનો પરિચય વિકાસ સખીમંડળમાં જોડવવાના કારણો, સખીમંડળ પર તેઓના વિચારો મહિલાનુ શિક્ષણ આર્થિક વ્યવસાય, ધંધા-રોજગાર અને સખીમંડળો દ્વારા આવેલ આર્થિક સારક્ષતા કે નિંધરતા વિષે સંશોધન કરવામાં આવશે. તાપી જીલ્લામાં સખીમંડળની વિગત વિહંગાવલોકન સ્વરૂપે પ્રસ્તુત સંશોધન કરવામાં આવ્યુ છે.

## 3. અભ્યાસના હેતુઓ

- અમરાઈવાડી વિસ્તારના સંદર્ભમાં નોકરી કરતી બહેનોની સામાજિક સ્થિતિ તપાસવી.
- અમરાઈવાડી વિસ્તારના સંદર્ભમાં નોકરી કરતી બહેનોની સામાજિક સમાંયોજનનો અભ્યાસ કરવો.

## 4. સંશોધનના પ્રશ્નો

- પ્રસ્તુત વિસ્તારમાં મહિલાઓ કેવા-કેવા પ્રકારના વ્યવસાયો સાથે સંકડાયેલી જોવા છે ?
- પ્રસ્તુત વિસ્તારમાં નોકરી કરતી મહિલાઓની સામાજિક સ્થિતિ કેવી છે?
- નોકરી અને સામાજિક જવાબદારીઓ નિભાવવામાં અહીની મહિલાઓ સમાયોજન કરી રીતે જાળવી રાખે છે?

## 5. અભ્યાસ પદ્ધતિ અને નિદર્શન

પ્રસ્તુત અભ્યાસમાં બિન સંભાવનાત્મક નિદર્શનમાં હેતુપૂર્વક અને ઉપલબ્ધ નિદર્શન પ્રયુક્તિનો ઉપયોગ કરીને અમરાઈવાડી વિસ્તારમાંથી 100 નોકરી કરતી સ્ત્રીઓને પસંદ કરવામાં આવેલ છે અને તેના દ્વારા મેળવેલ પ્રાથમિક અને ગૌણ માહિતીનો સંશોધનના હેતુ અનુસાર ઉપયોગ કરી પ્રસ્તુત સંશોધન કાર્ય

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

કરવામાં આવ્યું છે.

## 6. અભ્યાસનું મહત્વ

પ્રસ્તુત સંશોધન નોકરી કરતી સ્ત્રીઓની સામાજિક સમસ્યાઓ જાણવામાં મહત્વનું છે. જેમાં નોકરી કરતી સ્ત્રીઓને કુટુંબ અને નોકરીના સ્થળે કેવા પ્રકારની મુશ્કેલીઓ પડે છે, તે જાણવામાં મદદરૂપ થાય છે. સાથે સાથે સ્ત્રીઓની બેવડી ભૂમિકા ભજવે છે તે સમજવામાં પણ ઉપયોગી બની રહેશે.

## 7. અભ્યાસની મર્યાદાઓ


પ્રસ્તુત સંશોધનની એ મર્યાદા છે કે આ અભ્યાસ અમદાવાદ જિલ્લાના અમરાઈવાડી વિસ્તાર પૂરતો જ મર્યાદિત છે. સાથે સાથે પ્રસ્તુત અભ્યાસમાં ગ્રામીણ મહિલાઓનો પણ સમાવેશ કરેલ નથી માત્ર શહેરી સમાજમાં રહેતી અને નોકરી કરતી મહિલાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

## 8. શિક્ષણ અંગેનું વિવરણ

શિક્ષણએ સામાજિક પરિવર્તનનું અગત્યનું માધ્યમ છે. શિક્ષણ એ સમાજ સુધારણા માટેનું મુખ્ય સાધન છે. શિક્ષણ દ્વારા લોકોમાં યોગ્ય-અયોગ્ય, સારા-નરસા, હિત-અહિતનો વિચાર કરીને તે સમજી શકે છે. એટલા માટે જ શિક્ષણનું સ્તર તપાસવું જરૂરી બને છે. આમ, અમરાઈવાડી વિસ્તારમાંથી પ્રાપ્ત જવાબો પરથી ઉત્તરદાતાઓનું શિક્ષણ દર્શાવતો ગ્રાફ નીચે મુજબ છે.

VIDHYAYANA
**Vidhyayana - ISSN 2454-8596**
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
**www.vidhyayanaejournal.org**
**Indexed in: ROAD & Google Scholar**

## શિક્ષણનું પ્રમાણ દર્શાવતો ગ્રાફ




ઉપરોક્ત ગ્રાફ પરથી ફલિત થાય છે કે અમરાઈવાડીમાં સ્ત્રીઓમાં અશિક્ષિત ઉત્તરદાતાઓ નથી. જ્યારે સૌથી વધુ એટલે કે 32 ઉત્તરદાતાઓ સ્નાતકકક્ષા છે, જેની ટકાવારી 36% છે. દ્વિતિય ક્રમ 22% એટલે કે 20 ઉત્તરદાતાઓ અનુસ્નાતક કક્ષાના જોવા મળે છે. ઉપરાંત પ્રાથમિક શિક્ષણ મેળવેલ ઉત્તરદાતાઓ 2%, માધ્યમિક શિક્ષણ મેળવેલ ૧૩%, ઉચ્ચત્તર માધ્યમિકકક્ષાના શિક્ષિત ઉત્તરદાતાઓ 15%, વ્યવસાયિક શિક્ષણ મેળવેલ ઉત્તરાદાતાઓ ૧૨% એટલે કે ૧૧ ની સંખ્યામાં જોવા મળે છે.


## 9. વ્યવસાય અંગેનું વિવરણ

વ્યવસાય એટલે માણસ દ્વારા કોઇપણ પ્રકારનું કાર્ય કરી તેના બદલામાં મહેનતાણું મેળવવું. માનવીને પોતાનું જીવન ચલાવવા માટે પૈસાની જરુરીયાત પડે છે. આ પૈસા માનવીએ કોઇ પણ કાર્ય કરીને કમાવા પડે છે. આ કાર્ય વેપાર, ધંધો, નોકરી, ખેતી, મજુરી વગેરેક્ષેત્રમાં કરવામાં આવે છે. તેના અનુસંધાનમાં અમરાઈવાડીની મહિલાઓને લગતા સંશોધન અને પ્રાપ્ત માહિતી પરથી સ્ત્રીઓના વ્યવસાયને લગતી વિગત

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

દર્શાવતો ગ્રાફ નીચે મુજબ છે.

**વ્યવસાયનું વિવરણ દર્શાવતો ગ્રાફ**




ઉપરોક્ત ગ્રાફ પરથી ફલિત થાય છે કે અભ્યાસક્ષેત્રમાં અમરાઈવાડીની દલિત સ્ત્રીઓ દ્વારા લેવાયેલ 100 નમૂનાઓમાંથી 54% સ્ત્રીઓ બીનસરકારી નોકરી કરે છે, જ્યારે 31% સ્ત્રીઓ સરકારી નોકરી અને 15% સ્ત્રીઓ સ્વતંત્ર વ્યવસાય સાથે જોડાયેલ છે.

## 10. સંશોધનના તારણો

અમદાવાદના અમરાઈવાડીમાં રહેનાર મહિલાઓનું તેમના વ્યવસાય પરના અધ્યયન માટે 100 ઉત્તરદાતાઓની પસંદગી કરી તથ્યો શોધવામાં આવ્યા છે. ઉત્તરદાતાઓ તરફથી પ્રાપ્ત માહિતીના આધારે તેના પૃથક્કરણ અને અર્થઘટન પરથી આવેલ તારણો નીચે મુજબ છે.

- અભ્યાસ હેઠળની મહિલાઓમાં સામાજિક, આર્થિક, શૈક્ષણિક વગેરે ક્ષેત્રે તેમના જીવનના વિવિધ

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

પાસાઓમાં ઓછા વત્તા પ્રમાણમાં પરિવર્તન જણાયુ છે.

- વ્યવસાય આર્થિક પરિસ્થિતિ સ્થળાંતર જેવી બાબતોને કારણે સંયુક્ત કુટુંબપ્રથા તુટતી જતી હોય તેમ જણાય છે, જેનું વિભક્ત કુટુંબમાં રૂપાંતર થતું જોવા મળે છે.
- અમરાઈવાડીના મહિલાઓમાં ત્રણ પેઢીના વ્યવસાયમાં નોંધપાત્ર પરિવર્તનો જોવા મળે છે.
- મહિલાઓમાં ખાનગી નોકરીમાં ઘણી મહિલાઓ જોડાયેલી છે, તેમજ સરકારી નોકરી મેળવવામાં તન-મનથી તૈયારીઓમાં લાગેલી સ્ત્રીઓ અને યુવતી જોવા મળે છે.
- અમરાઈવાડી વિસ્તારના મહિલાઓના અભ્યાસ, તેમની રહેણી પરથી એમ જણાય છે કે તેઓ આર્થિક રીતે મધ્યમ વર્ગના કુટુંબોમાં આવે છે.

**Vidhyayana - ISSN 2454-8596**
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

## સંદર્ભસૂચિ

દેસાઈ, ડૉ. નિરા (સંપા) (1971), ભારતમાં સ્ત્રીઓનો દરજ્જો, મુંબઈ: ના.દા.ઠાકરશી મહિલા વિદ્યાપીઠ

દેસાઈ, નીરા અને તૃપ્તિ શાહ (2000). ભારતમાં નારી આંદોલન: સમાન અધિકારથી નારુમુક્તિ, આર.આર. શેઠ કંપની

પેટલીકર, ઈશ્વર (1981), સ્ત્રી સમાનતાની સમસ્યા, મુંબઈ: આર.આર.શેઠની કંપની

પટેલ, પલક (2008), નોકરી કરતી અને નોકરી ન કરતી સ્ત્રીઓના મનોભાર, આવેગિક પરિપકવતા અને અસલામતીની ભાવના અંગે જાણકારી મેળવવી, સરદાર પટેલ યુનિવર્સિટી: વિધાનગર

પટેલ, આર. એસ. (2017), સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર, જય પ્રકાશન: અમદાવાદ

પટેલ, ડૉ. નિરંજના એન (2002), વસ્તીની સમસ્યા: સામાજિક દ્રષ્ટિએ, અમદાવાદ: યનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ

પટેલ, રામુભાઈ (1999). ભારતીય સમાજમાં સ્ત્રીઓનો દરજ્જો, ગૂર્જર પ્રકાશન

મકવાન, ડૉ. ઈલાબેન એમ. (2007), અસમતુલિત જાતિ પ્રમાણ પડકાર અને ઉકેલની દિશા (સંશોધન લેખ) જાન્યુઆરી

Chaudhari. Kirankumar B. (2023). તાપી જિલ્લામાં સખીમંડળો સાથે જોડાયેલ મહિલાઓનો અભ્યાસ. Vidhyayana - An International Multidisciplinary Peer-Reviewed E-Journal - ISSN 2454-8596, 8(6). Retrieved from https://vidhyayanaejournal.org/journal/article/-view/859